# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૧૬/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# જીપીસીબી દ્વારા વોટરજેટ ઉદ્યોગ માટે સીસીએ મેળવવાની પદ્ધતિ જાહેર કરવામાં આવી

### એસવીએનઆઇટી દ્વારા ટેકનોલોજીના વિકલ્પો સૂચવાશે, ચેમ્બરની કમિટી એસેસમેન્ટ કરશે અને ત્યારબાદ એસવીએનઆઇટી ફાયનલ ટેકનોલોજી અંગેની ભલામણ કરશે

**સુરત.** રાજ્યમાં જે વોટરજેટ યુનિટવાળાઓને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તરફથી કન્સેન્ટ મળતી ન હતી તેઓને ગત ૧૪ જુલાઇ ૨૦૨૧ના રોજથી થોડી આંશિક રાહત આપવામાં આવી છે. જે ઉદ્યોગકારોના રિન્યુઅલ પેન્ડીગ હતા તેઓને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ત્રણ મહિના માટે મંજૂરી આપવામાં આવશે. ત્રણ મહિના પછી એસવીએનઆઇટી દ્વારા સૂચવેલ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ઉદ્યોગકારોએ પોતાના એકમોમાં લગાવવી પડશે તેવી બાંયધરી જીપીસીબીને ઉદ્યોગકારો તરફથી આપવાની રહેશે.

જીપીસીબી દ્વારા તા. ૧૪ જુલાઇ ૨૦૨૧ના રોજ વોટર જેટ એકમો માટે સ્પષ્ટતા કરવામાં આવી હતી. જેમાં ઔદ્યોગિક એકમની અરજીઓના નિકાલ અને જે એકમો બંધ છે તે માટે નીચે મુજબની કાર્યપ્રણાલી અપનાવવામાં આવશે.

1. ગંદુ પાણી ઉત્પન્ન થાય છે તેના માટે એડીકવેટ ઇવોપરેશન સિસ્ટમ ત્રણ માસમાં એસવીએનઆઇટીને અભ્યાસ કરી સૂચવવા માટે જણાવવામાં આવ્યું છે.

2. હાલમાં જે એકમોની સીસીએ રિન્યુઅલ છે એવા એકમોને હયાત સિસ્ટમ કાર્યદક્ષ રીતે ચલાવવાની શરતે ગુણદોષના આધારે અને એસવીએનઆઇટી દ્વારા સૂચવેલ સિસ્ટમને સૂચવેલ અનુસાર સમય મર્યાદામાં મુકવાની શરતે મંજૂરી આપવામાં આવશે.

3. સીઇટીપીના સભ્ય એકમોને ગુણદોષના આધારે મંજૂરી આપવામાં આવશે.

4. સંપૂર્ણ રીયુઝ/એડીકવેટ ડિસ્પોઝલ કરનાર એકમોને ગુણદોષના આધારે મંજૂરી આપવામાં આવશે.

5. હાલ બંધ કરેલા એકમોને ત્રણ માસ માટે એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ કાર્યક્ષમ રીતે ચલાવવાની શરતે મંજૂરી આપવામાં આવશે. જે માટે એસવીએનઆઇટી દ્વારા સૂચવવામાં આવે તે એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ અંગેના પગલાનું પાલન કરવાનું રહેશે.

ચેમ્બર દ્વારા એસવીએનઆઇટી સાથે મલ્ટીપલ ઇફેકટીવ ઇવોપરેટરની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે અન્ય ટેકનોલોજી ડેવલપ કરવા અંગે એમઓયુ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત એસવીએનઆઇટી દ્વારા વિવિધ ટેકનોલોજીના વિકલ્પો સૂચવવામાં આવશે. જે અંગે ચેમ્બર અને એસવીએનઆઇટીની એક કમિટી એસેસમેન્ટ કરશે અને ત્યારબાદ એસવીએનઆઇટી દ્વારા યોગ્ય વિકલ્પ તરીકે ફાયનલ ટેકનોલોજી અંગેની ભલામણ કરાશે.